# ગાંધીનગરમાં દિવાળી થી દેવદિવાળી સુધીમાં ૩૧૩ મૃતદેહના અગ્નિ સંસ્કાર થયા

## છેલ્લા ૧૫ દિવસમાં શહેરના બંને અંતિમધામ ખાતે ૧૬૯ કોરોનાગ્રસ્ત મૃતકોના અગ્નિ સંસ્કાર કરાયા જ્યારે ૧૪૪ બિનકોરોનાગ્રસ્ત મૃતકોના અગ્નિસંસ્કાર કરાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં દિવાળી થી દેવ દિવાળીના સમયગાળામાં ૩૧૩ મૃતદેહના અંતિમધામ ખાતે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા છે. જયારે પખવાડીયામાં કોરોના પોઝીટીવ ૧૬૯ દર્દીઓ મૃત્યુંને ભેટ્યા છે. જયારે બિન કોરોનાગ્રસ્ત ૧૪૪ વ્યકિતના મૃત્યુ નિપજયા છે. જયારે નવેમ્બરમાસમાં દર્દીઓના મૃત્યુની સંખ્યા સૌથી વધુ જોવા મળી રહી છે.

મળતી માહિતી મુજબ રાજયમાં કોરોનાનો કહેર દિન પ્રતિદિન સતત વધી રહ્યો છે. જયારે કોરોનાએ બેકાબુ બની અજગરી ભરડો લીધો છે. કોરોના સંક્રમણના કેસમાં ઉછાળો આવતા તંત્ર પણ ચિંતિત નજરે પડી રહ્યું છે. કોરોનાથી સલામત અને સાવચેત રહેવા માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી રહી છે. તેમ છતા હજુ પણ કેટલાક નાગરીકો કોરોનાને સરળતાથી લઈ રહ્યા છે. ત્યારે કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા પણ રાજયમાં વધતી જોવા મળી છે. ત્યારે પાટનગરમાં પણ કોરોના દર્દીઓનો આંકડો શેરબજારની જેમ ઉંચે જઈ રહ્યો છે. ત્યારે કોરોનાગ્રસ્ત દર્દીઓનો મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. ગાંધીનગર શહેરમાં દિવાળી થી દેવદિવાળી દરમિયાન ૩૧૩ વ્યકિતના મૃત્યુ થયા છે. જેમાં કોરોનાગ્રસ્ત મૃતકોની સંખ્યા ૧૬૯ છે, તેમા ૧૪૭ કોરોના પોઝીટીવ મૃતક દર્દીઓના મુકિતધામ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. જયારે સરગાસણ રૂદ્ર ભુમિ સ્મશાન ખાતે ૨૨ મૃતકોના અગ્નિસંસ્કાર કરાયા છે. જયારે બિન કોરોનાગ્રસ્ત ૧૪૪ મૃતદેહના અંતિમ સંસ્કાર કરાયા છે. જયારે છેલ્લા આઠ માસમાં કોરોનાથી પિડીત ૬૦૦ થી પણ વધુ દર્દીઓએ દમ તોડ્યો છે. જયારે નવેમ્બર માસમાં સૌથી વધુ વ્યકિતઓ મૃત્યુને ભેટ્યા હોય તેમ જાણવા મળી રહ્યું છે. જયારે તંત્ર દ્વારા હાલ સરગાસણ રૂદ્ર ભુમિ સ્મશાન ગૃહ અને સેકટર-૩૦ મુકિતધામ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવી રહ્યા છે.

### દિવાળી થી દેવ દિવાળી સુધી મૃતકોના અંતિમ સંસ્કાર

| મુક્તિધામ સેકટર-૩૦ | રૂદ્રભુમિ સરગાસણ | કુલ અગ્નિસંસ્કાર |
|---|---|---|
| ૨૫૩ | ૬૦ | ૩૧૩ |
| કોરોના પોઝીટીવ | | |
| ૧૪૭ | ૨૨ | ૧૬૯ |
| બિનકોરોનાગ્રસ્ત | | |
| ૧૦૬ | ૧૦૬ | ૧૪૪ |

# કોરોનો માટેનો RT-PCR ટેસ્ટ હવે ૮૦૦ રૂપિયામાં થશે

## હવે ખાનગી લેબમાં ૮૦૦ અને ઘરે બેઠા ૧૧૦૦ રુપિયા ચાર્જ ચુકવવો પડશે

ગાંધીનગર,તા.૧

ગુજરાતમાં કોરોના વાયરસનો ખતરો વધી રહ્યો છે ત્યારે રૂપાણી સરકાર દ્વારા એક સરાહનીય પગલુ લેવાયું છે. રાજ્ય સરકારે RT-PCR ટેસ્ટનો ભાવ ઘટાડી દીધો છે. કોર કમિટીમાં મળેલી બેઠકમાં આ અંગે નિર્ણય લેવાયો હતો. આરોગ્ય મંત્રી અને ઉપમુખ્યમંત્રી નીતિન પટેલે આ અંગે જાહેરાત કરી હતી. આ ભાવ ઘટાડો આજથી જ અમલી બનશે.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિન પટેલે રાજ્યમાં ઈ઼-ઝ઼ ટેસ્ટના ચાર્જને લઈ મોટી જાહેરાત કરી હતી. રાજ્ય સરકારની જાહેરાત બાદ હવેથી કોરોનાના ટેસ્ટ માટે લેબોરેટરીમાં RT-PCR ટેસ્ટના ૮૦૦ રૂપિયા ચાર્જ લેવાશે. નવા ચાર્જનો અમલ શરૂ કરી દેવાયો. કીટની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. જ્યારે ઘરે જઈને ટેસ્ટ કરવા માટે રૂ,૧૧૦૦ ચાર્જ રહેશે. આ પહેલા રાજ્યમાં ખાનગી લેબમાં RT-PCR ટેસ્ટ કરાવવાનો ખર્ચ ૧૫૦૦-૨૦૦૦ રૂપિયા થતો હતો.

ગુજરાતમાં અત્યાર સુધી કોરોના માટે કરવામાં આવતા RT-PCR ટેસ્ટ માટે જનતા પાસેથી લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ રૂપિયા ખંખેરવામાં આવતા હતાં. પરંતુ રૂપાણી સરકારે આ ભાવ ઘટાડીને ૮૦૦ રૂપિયા એટલે કે લગભગ અડધાથી પણ ઓછા કરી દેતા લોકોને ભારે રાહત થશે.

અગાઉ ૨૩ જૂનના રોજ ICMRએ કોવિડ-૧૯ની નવી ગાઈડલાઈન્સ બહાર પાડી હતી. એમાં કહેવામાં આવ્યું હતું કે એક એન્ટિજન ટેસ્ટમાં પોઝિટિવ આવેલી વ્યક્તિને ખરેખર ચેપગ્રસ્ત માનવી જોઈએ, પરંતુ કોઈ વ્યક્તિમાં જો લક્ષણો દેખાઈ રહ્યાં હોય અને રિઝલ્ટ નેગેટિવ હોય તો તેનો PCR ટેસ્ટ કન્ફર્મ કરવો જોઈએ. ICMRના જણાવ્યાનુસાર, સંપૂર્ણ પબ્લિક હેલ્થ મશીનરી કોવિડ-૧૯ દર્દીઓનો ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટ કરવામાં લાગેલી છે. આવી સ્થિતિમાં SARS-COV-2 પ્રારંભિક સમયમાં જાણવા માટે એન્ટિજન આધારિત એસેજને પોઈન્ટ ઓફ કેર ટેસ્ટ તરીકે ટેસ્ટ કરવો બહુ જરૂરી છે.

# શહેર-જિલ્લામાં બે દિવસ બાદ કેસો ૬૦ને પાર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૬૧ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૩૧ અને શહેરના ૩૦ કેસનો સમાવેશ થાય છે. આજે પણ જિલ્લામાં નોંધાયેલા કેસો કરતાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ હવે આ બાબતે ચકાસણી કરવાની વ્યુહરચના હાથ ધરી છે. શહેરમાં પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ દર્દીઓની યાદીમાં છે. તંત્રએ સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે આક્રમક વ્યુહરચના અમલી કરવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર તાલુકો અને દહેગામમાં કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. માણસા અને કલોલમાં પણ કેસોની સંખ્યા વધી રહી છે તેથી વાવોલ ગામેથી આજે ૩ કેસ, કોલવડામાંથી ૨, અડાલજમાંથી ૩, કુડાસણમાંથી ૬ કેસ મળી આવેલ છે.

આ ઉપરાંત દોલારાણા વાસણા, જલુંદ, કોબા, સુઘડ અને ખોરજ ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકાના માણસાના સમૌ, ઈટાદરા, રાજપુરા અને દેલવાડા ગામેથી કેસો મળી આવ્યા છે. આ ઉપરાંત માણસા અર્બનમાંથી પણ ૩ કેસ મળી આવ્યા છે.

કલોલ તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવેલ છે. જેમાં સઈજમાંથી એક અને બાલવા ગામેથી ૨ કેસ મળી આવેલ છે. કોરોનામુક્ત થયા છે.

ગ્રામીણ વિસ્તારમાં હાલ ૨૧૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જયારે ૧૫,૫૦૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં બે દિવસના ઘટાડા બાદ આજે કોરોનાના કેસોમાં વધારો જોવા સે. ૨૨, સે. ૨૧, જીઈબી, સે. ૨૦, સે. ૧૩, સે. ૬, સે. ૨૮, સે. ૩ અને સે. ૩-એ-ન્યુમાંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦ જેટલી મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. દિપાવલીના પર્વ પછી મહિલા દર્દીઓની સંખ્યામાં ભારે વધારો જોવા મળી રહ્યો છે.

શહેરમાં આજે ૩૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૨૦૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

## કુડાસણમાં ૬ કેસ સહિત ગાંધીનગર તાલુકામાં ૧૭, માણસામાં ૭, કલોલમાં ૪, દહેગામમાં ૧ કેસ નોંધાયો : સે. ૨૭ માં ૪, સે. ૨૮ અને ૫ માં ૩-૩ કેસ સહિત શહેરમાં ૩૦ કેસ નોંધાયા

ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જયારે ગાંધીનગર શહેરમાં ૩૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં મોટી વયના અને મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં આજે ૨૦ જેટલી મહિલાઓ સંક્રમિત કરનાર દર્દીઓની સંખ્યા વધી રહી છે. તંત્રએ સતર્કતા વધારવા માટેની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૧૯, દહેગામમાં ૧, માણસામાં ૭ કેસ અને કલોલમાં ૪ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના બહિયલ ગામેથી આજે એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાંથી આજે ૭ કેસ મળી આવેલ છે. જેમાં ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૩ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી પણ ૧ કેસ મળી આવેલ છે.

જિલ્લામાં આજે વધુ ૩૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૨૯૧૫ દર્દીઓ ગ્રામ્ય વિસ્તારના મળ્યો છે. શહેરમાંથી આજે ૩૦ દર્દીઓ નવા મળી આવેલ છે.

શહેરમાં સે. ૨૭ માંથી ૪, સે. ૨૮ અને સે. ૫ માંથી ૩-૩ કેસ તો સે. ૨, સે. ૨૩, સે. ૧૨, સે. ૭ અને સે. ૨૬ માંથી ૨-૨ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત

શહેરમાં ૩૦૦ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. ૧૭ હજાર જેટલા લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

## માસ પ્રમોશનની કોઈ વાત વિચારાધીન નથી

ગાંધીનગર, તા. ૧

રાજયની પ્રાથમિક, ઉચ્ચત્તર પ્રાથમિક કે માધ્યમિક શાળાના બાળકોને માસ પ્રમોશન આપવાની કોઈ જ દરખાસ્ત સરકાર કે શિક્ષણ વિભાગની વિચારણામાં નથી.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહે ગાંધીનગર સમાચારના સવાલના જવાબમાં જણાવ્યું હતું કે, માસ પ્રમોશન માટે હાલ કોઈ ચર્ચા - વિચારણા છે જ નહિ, ત્યારે વાલીઓ નિશ્ચિંત રહી ઓનલાઈન શિક્ષણ માટે બાળકોને સતર્ક રાખવા જોઈએ. હાલના તબક્કે બાળકો જાગૃત બની અભ્યાસ કરે.

શિક્ષણ તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સોશિયલ મિડિયામાં આવી વાતો વહેતી કરવામાં આવી છે પરંતુ તેમાં કોઈપણ પ્રકારનું તથ્ય નથી. હાલ ઓનલાઈન એજ્યુકેશન ચાલુ જ છે.


દસમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.શ્રી લક્ષ્મણસિંહજી પી.ડાભી (પૂર્વ નગરપતિ : પેથાપુર)
સ્વ.તા.૦૨-૧૨-૨૦૧૧ તિથી : માગશર સુદ-૮ વિક્રમ સંવંત - ૨૦૬૮

મરણ કરતા સ્મરણ બળવાન છે, આપની સ્મૃતિ એક વરદાન છે.
આપના ચિંધેલા રાહ પર અમે અડગ પણે ચાલતા રહીશું,
આપના આત્માને શાંતિ મળે તેવી પ્રભુને પ્રાર્થના કરતાં રહીશું.

સૂર્યસિંહજી ડાભી (એડવોકેટ)
પ્રમુખ :- ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતિ
ગં.સ્વ.સરલાબા લક્ષ્મણસિંહજી ડાભી

સ્વ.ચંદ્રસિંહજી ડાભી, સ્વ.એકતાબા દેવડા, હેતલસિંહ દેવડા, કુ.વિધિબા દેવડા, કુશલસિંહ દેવડા, કુ.અંજલિબા ડાભી
પારૂલબા ડાભી, ગં.સ્વ.કૈલાસબા રાણા, વિજયસિંહ રાણા, અનિરૂધ્ધસિંહ રાણા, ધૈર્યદેવસિંહ ડાભી
પૃથ્વીસિંહ ડાભી, હિનાબા ડાભી, જયદેવસિંહ ડાભી, કુ.કાલિન્દીબા ડાભી, કુ.મેઘાબા ડાભી
સ્વ.એલ.પી.ડાભી મિત્ર વર્તુળ - પરિવાર


## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ હીના પી. ગગલાણી, રહે પ્લોટ નં. ૪૦૭/૫, સેક્ટર-૨૯, ગાંધીનગર તે અમારા અસીલ ક્રિષ્નાબા હરીસિંહ વાઘેલા, રહે. પ્લોટ નં. ૧૫૭/૧, આનંદ વાટીકા, સેક્ટર-૨૨, ગાંધીનગરનાઓની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

જત ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક ગાંધીનગરના શહેર ગાંધીનગર ટાઉનશીપમાં આવેલ સેક્ટર નં. ૨૨ના રહેણાંકના પ્લોટ નં. ૧૫૭/૧ કે જેનું ક્ષેત્રફળ ૨૦૦.૦૦ ચો.મી. છે તે તથા તેમાં બંધાયેલ મકાન સહિતની મિલકત અમોના અસીલની એટલે કે ક્રિષ્નાબા હરીસિંહ વાઘેલાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે.

સદરહુ મિલકતના રીનોવેશન દરમિયાન સામાન ફેરને કારણે મિલકતની ઓરીજીનલ સનદ, અધિક કલેક્ટરશ્રી, ગાંધીનગરનો એલોટમેન્ટ લેટર તથા ભોગવટા પ્રમાણપત્ર અમારા અસીલથી ક્યાંક ખોવાઈ ગયેલ છે. ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી જેથી માલિકી હક્કના ઉપરોક્ત પુરાવાઓ અમોના અસીલે કલેક્ટરશ્રીમાંથી ડુપ્લીકેટ મેળવેલ છે. માલિકી હક્કના પુરાવાઓ જો કોઈને મળી આવે તો દિન-૩માં અમોને અથવા અમારા અસીલને પરત કરવા અને તેમ છતાં જો પુરાવાનો દુરઉપયોગ કરવામાં આવ્યાનું જાણવામાં આવશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧/૧૨/૨૦૨૦
સ્થળ : ગાંધીનગર
સહી/-
અસીલની સહી

અમારા અસીલની સુચના અને ફરમાઈશથી, અમો અમારફતે
સહી/-
હીના પી. ગગલાણી, એડવોકેટ
રહે. ૪૦૭/૫, સેક્ટર-૨૯, ગાંધીનગર.

## ગ્રામીણ વિસ્તારમાં ૩ થી ૫ ડિસેમ્બર દરમ્યાન સઘન સર્વેલન્સ તંત્રની ટીમો દ્વારા કરાશે

### જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં વધતા સંક્રમણને પગલે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો લેવાયેલો નિર્ણય

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોરોના સંક્રમણના કેસો વધતાં આગામી ૩, ૪ અને ૫ ડિસેમ્બર દરમ્યાન સઘન હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ માટે જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રોના કર્મયોગીઓને ખાસ સૂચનાઓ પણ જારી કરી દેવામાં આવી છે. આ ત્રણ દિવસ દરમ્યાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની ૧૩ લાખથી વધુ વસ્તીને આવરી લેવામાં આવશે.

તંત્ર દ્વારા સર્વેલન્સ દરમ્યાન શરદી-ખાંસી, તાવના દર્દીઓ શોધી કઢાશે એટલુ જ નહિ જરૂર પડ્યે આવા દર્દીઓનો રેપીડ એન્ટીજન ટેસ્ટ પણ કરવામાં આવશે.

જિલ્લામાં કોરોના સંક્રમણને લઈ આમ તો સર્વેલન્સની કામગીરી તો ચાલુ જ છે પરંતુ તે કન્ટેનમેન્ટ ઝોન પુરતી મર્યાદિત રખાતી હતી હવે તંત્રએ રેપીડ ફાસ્ટ સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત કેસો વધી રહ્યા છે તેમાંય ખાસ કરીને અંતરિયાળ ગામો તેમજ નાના-નાના પરાઓમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રએ સઘન સર્વેલન્સની આ સૂચનાઓ જારી કરી છે.

જિલ્લામાં ત્રણ દિવસમાં જ સર્વેલન્સની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. આ સર્વેલન્સ દરમ્યાન હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓની પણ ચકાસણી કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

તંત્રએ ગ્રામીણ વિસ્તારમાં સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ કન્ટેનમેન્ટ ઝોન અને માસ્ક પહેરવાના નિયમની કડકાઈથી અમલવારી કરવા માટે પણ સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

# શહેરના વધુ સર્કલ એરિયાને વિદેશી પેટર્ન પર વિકસાવવા કામ શરૂ

### ચ-૩ બાદ હવે ચ-૫ સર્કલ પર કામ શરૂ કરાયુ : સર્કલ ફરતેના વિસ્તારને માર્ગની સરફેસથી ઉંચે લઇ ઝીબ્રા ક્રોસિંગ તેમજ સોલાર લાઇટ મુકાશે : વાહનો પલ્ટી મારતા અટકાવવા સહીત રોડ સેફ્ટીના પરિબળોને અનુલક્ષી કામ હાથ ધરાયુ

ગાંધીનગર તા ૧

શહેરના સર્કલો માર્ગ સલામતીની દ્રષ્ટીએ યોગ્ય બને તે માટે માર્ગ મકાન વિભાગ દ્વારા સર્કલ વિસ્તારને વિદેશી પેટર્ન પર વિકસાવા માટે કામ હાથ ધરાયુ છે. શહેરના સર્કલ વિસ્તાર ફરતે માર્ગની સરફેસનુ લેયર ૨૦ સેમી ઉંચુ બનાવી ઝીબ્રા ક્રોસિંગ તેમજ સોલાર લાઇટ મુકવામાં આવી રહી છે.જેથી સર્કલ વિસ્તારમાં પેડેસ્ટ્રીયનને માર્ગ ઓળંગવાનુ સરળ બનશે.જયારે સર્કલો પર વાહનો પલ્ટી મારવાના અકસ્માતના બનાવો પણ અટકશે. અગાઉ ચ-૩ સર્કલ પર આ મુજબ કામગીરી હાથ ધરવામાં આવી હતી જયારે હાલ ચ-૫ સર્કલ પર કામ હાથ ધરાયુ છે.



શહેરના સર્કલોને નવા રૂપરંગ આપવામાં આવ્યા બાદ હાલ સર્કલ એરિયાને પણ વિકસિત કરવામાં આવી રહ્યો છે. ગત દિવસોમાં નગરના ચ-૩ સર્કલ પાસે ભારે વાહનો અવારનવાર પલ્ટી ખાતા હોવાથી વારંવાર અકસ્મતો સર્જાતો હતા જયારે આ સ્થિતિ વચ્ચે ચ-૩ નુ સર્કલ અકસ્માત ગ્રસ્ત ઝોનમાં આવી ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઇ હતી શહેરના મુખ્યમાર્ગો પર સર્કલો સ્થિત છે. જયારે સર્કલોના આ જંકશનને ટ્રાફિકની અવરજવર માટે સલામત બનાવવા માટે સર્કલ ફરતેના વિસ્તારને ૨૦ સેમી ઉંચો લઈ આ વિસ્તારમાં ઝીબ્રા ક્રોસિંગ તેમજ સોલાર લાઇટ મુકવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં નગરના ચ-૩ સર્કલને આ પેટર્ન પર વિકસાવામાં આવ્યુ છે. જયારે હાલ શહેરના ચ-૫ સર્કલ પર કામ હાથ ધરાયુ છે. આ ઉપરાંત આગામી દિવસામાં ઘ-૫ તેમજ ઘ-૩ સર્કલ પર આ મુજબની

● અનુસંધાન પાન-૭ પર


હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઇબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com